Upload 12 07 2024 National 1.20am (NSD) Afternoon-1

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 12-07-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શુક્રવાર

આકાશવાણી

સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

- ✓ સર્વોચ્ચ અદાલતે આબકારી નીતિ અંગેના કથિત મની લોન્ડરીંગ કેસમાં અરવિંદ કેજરીવાલના વચગાળના જામીન મંજૂર કર્યા, જોકે તેઓ અન્ય એક કેસમાં સીબીઆઈ કસ્ટડીમાં રહેશે
- ✓ નીટ-યૂજી પેપરમાં કથિત ગેરરીતિ મામલે 4 આરોપીઓને સીબીઆઈ રિમાન્ડ પર મોકલાયા
- ✓ નેપાળમાં ભૂસ્ખલનને પગલે બે પ્રવાસી બસ નદીમાં ખાબકી, સાત ભારતીયો સહિત 65 લોકો ગૂમ થયાના અહેવાલ
- ✓ આસામમાં પૂરની સ્થિતિમાં સુધાર છતાં, 26 જિલ્લાઓ પ્રભાવિત
- ✓ અને દક્ષિણ તેમજ ઉત્તર ગુજરાતમાં આગામી ત્રણ દિવસમાં વાવાઝોડા સાથે વરસાદની શક્યતા

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *KEJRIWAL BAIL*

સર્વોચ્ચ અદાલતે દિલ્હી આબકારી નીતિ કૌભાંડ અંગેના કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના વચજાળાના જામીન મંજૂર કર્યા છે.

ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દિપાંકર દત્તાની ખંડપીઠે આ કેસમાં મની લૉન્ડ્રિંગ નિરોધી અધિનિયમની કલમ 19 હેઠળ, ધરપકડની જરૂરિયાત છે કે કેમ તે અંગે વધુ વિચાર કરવા માટે અરજીને મોટી ખંડપીઠને મોકલી આપી છે. જોકે અરવિંદ કેજરીવાલ આબકારી નીતિ કૌભાંડ મામલેના ભ્રષ્ટાચારના આરોપોના વધુ એક કેસમાં સીબીઆઈની કસ્ટડીમાં રહેશે.

ગત 21 માર્ચના રોજ પ્રવર્તન નિદેશાલય દ્વારા અરવિંદ કેજરીવાલની ધરપકડ કરાઈ હતી. 10 મેના રોજ સર્વોચ્ચ અદાલતે લોકસભા ચૂંટણીને જોતા તેમને વચગાળાના જામીન આપ્યા હતા. 2 જૂનના રોજ વડી અદાલતે તેમને રાહત ન આપતા તેમણે જેલમાં પરત જવું પડ્યુ હતું.

## *AGNIVEER*

કેન્દ્રીય સુરક્ષા દળોમાં ભૂતપૂર્વ અગ્નિવીરો માટે હવે 10 ટકા અનામત અમલી બનશે.

અગ્નિપથ યોજનાને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે કેન્દ્રીય દળો દ્વારા આ જાહેરાત કરાઈ છે. સીમા સુરક્ષા દળ – BSF, કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ – CRPF, કેન્દ્રીય ઔદ્યોગીક સુરક્ષા દળ -CISF તેમજ સશસ્ત્ર સીમા દળોમાં અગ્નિવીરોને હવે અનામતનો લાભ મળશે. તમામ દળોના પ્રમુખોએ પત્રકારોન સંબોધતા કહ્યું કે ભૂતપૂર્વ અગ્નિવીરોને આ અનામત હેઠળ વય મર્યાદામાં છૂટ મળશે. આ માટે તેમને કોઈ શારીરિક પરીક્ષા પણ નહીં આપવા પડે

## *NEET-HAZARIBAGH CASE*

નીટ પ્રશ્નપત્ર ગેરરીતી કેસમાં હજારીબાગની ઓએસિસ સ્કૂલના આચાર્ય અહસાનુલ હક અને ઉપ આચાર્ય ઈમ્તેયાઝ સહિત ચાર લોકોને CBI રિમાન્ડ પૂરા થયા બાદ પટનાની બેઉર જેલમાં મોકલવામાં આવ્યા હતા. CBIએ 28 જૂને બંનેની ધરપકડ કરી હતી. બંને આરોપીઓને સઘન પૂછપરછ માટે CBIના મુખ્મથકમાં લાવવામાં આવ્યા હતા. આચાર્ય અહસાનુલ હક હજારીબાગની શાળાઓના સંયોજક હતા જ્યારે ઇમ્તિયાઝ ઓએસિસ સ્કૂલના કેન્દ્ર અધિક્ષક હતા.

સીબીઆઇની ઝિણવટપૂર્વકની તપાસમાં જાણવા મળ્યું કે પટનાની ખેમનીચક પ્લે સ્કૂલમાંથી જપ્ત કરાયેલું આંશિક રીતે બળી ગયેલું પ્રશ્નપત્ર નેશનલ ટેસ્ટિંગ એજન્સી તરફથી

મળેલા પ્રશ્નપત્ર સાથે મેળ ખાતું હતું અને તે પ્રશ્નપત્રની શ્રેણીને પરીક્ષા કેન્દ્ર ખાતે મોકલવામાં આવી હતી..

## *CBI – NEET*

કેન્દ્રીય તપાસ સંસ્થા – CBI એ નીટ-યૂજી પેપર લીક મામલે એક વ્યક્તિની ધરપકડ કરી છે.

રાકેશ રંજન ઉર્ફે રૉક્સી નામનો આ શખ્સ પેપર લીક કૌભાંડનો મુખ્ય આરોપી હોવાનું પોલીસનું માનવું છે. જેને 10 દિવસ માટે સીબીઆઈ કસ્ટડીમાં મોકલી આપ્યો છે. આ મામલે કેન્દ્રીય તપાસ એજન્સીએ અત્યાર સુધીમાં ડઝનથી વધુ લોકોની ધરપકડ કરી છે. સીબીઆઈ અને વિવિધ રાજ્યોની પોલીસ આ પેપરલીક મામલે દેશવ્યાપી કાવતરાની દિશામાં તપાસ કરી રહી છે.

સીબીઆઈએ આ મામલે જુદા જુદા રાજ્યોમાં કુલ મળીને 6 જેટલી FIR દાખલ કરી છે. અત્યાર સુધીની તપાસમાં સમગ્ર કૌભાંડની શરૂઆત ઝારખંડની હઝિરાબાગની ઓઇસીસ શાળામાંથી થઈ હોવાનું બહાર આવ્યું છે.

## *VP MAHARASHTRA*

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે મુંબઈનાં નરસી મોનજી પ્રબંધન સંસ્થાનના વિદ્યાર્થીઓને સંબોધન કરશે.

ઉપરાષ્ટ્રપતિ ‘સશક્ત ભારત: વિકસીત ભારત 2047’ના નિર્માણ માટે ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોની ભૂમિકા વિષય પર વક્તવ્ય આપશે.

આ કાર્યક્રમમાં મહારાષ્ટ્રના રાજ્યપાલ રમેશ બૈસ, અને રાજ્યસભા સાંસદ પ્રફુલ પટેલ પણ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનો હેતુ વિકસીત ભારત 2047ની પહેલને અનુરૂપ ભારતના ભવિષ્યને આગળ વધારવાની દિશામાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોની મહત્વપૂર્ણ ભૂમિકાને ઉજાગર કરવાનો છે.

## *INDIA-BHUTAN*

ભારત અને ભૂટાન પર્યાવરણ અને આબોહવા પરિવર્તનના ક્ષેત્રમાં આબોહવા પરિવર્તન, હવાની ગુણવત્તા, વન, વન્યજીવન વ્યવસ્થાપન અને ક્ષમતા નિર્માણના ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરવા સંમત થયા છે.

ભૂટાનના ઉર્જા અને પ્રાકૃતિક સંસાધન મંત્રી જેમ શેરિંગના નેતૃત્વમાં ભૂટાનનું એક પ્રતિનિધિમંડળ નવી દિલ્હીમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહને મળ્યું. બંને નેતાઓએ હવાની ગુણવત્તા, આબોહવા પરિવર્તન, જંગલો, કુદરતી સંસાધનો, વન્યજીવન અને પુનઃપ્રાપ્ય ઉર્જા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. શ્રી સિંહે ભારતની વૈશ્વિક પહેલ ઇન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સમાં જોડાવા બદલ ભૂટાનના મંત્રીનો આભાર માન્યો હતો.

## *CHARDHAM YATRA*

ચારધામ યાત્રાએ જનારા શ્રદ્ધાળુઓ હવે ‘ઇ-સ્વાસ્થ્ય ધામ’ પોર્ટલની મદદથી આયુષ્યમાન ભારત આરોગ્ય ખાતું ખોલાવી શકે છે.

ઉત્તરાખંડ સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ‘ઇ-સ્વાસ્થ્ય ધામ’ પોર્ટલ શરૂ કરાયું છે. જે અંતર્ગત હવે ચારધામ જનારા શ્રદ્ધાળુઓના આરોગ્યનું નિરીક્ષણ કરાશે. શ્રદ્ધાળુઓની સમગ્ર યાત્રાને સરળ અને આરોગ્યપ્રદ બનાવવાના હેતુથી આ પોર્ટલ શરૂ કરાયું છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે ઇ-સ્વાસ્થ્ય ધામ પોર્ટલ આભા સહિતના વિવિધ લાભો પ્રદાન કરશે.

## *NEPAL BUS WIPED*

નેપાળમાં ભૂસ્ખલનને પગલે બે પ્રવાસી બસ ત્રિશૂલી નદીમાં ખાબકતાં 65થી વધુ મુસાફરો ગૂમ થયાના અહેવાલ છે. અકસ્માતમાં 7 ભારતીય નાગરિકો પણ સામેલ છે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર તણાઈ ગયેલા લોકોની શોધખોળ ચાલુ છે. જોકે ભારે વરસાદને પગલે બચાવ કામગીરી મુશ્કેલ બની છે.

જે માર્ગ પરથી આ બંને બસો પસાર થઈ રહી હતી, તે ઠેર ઠેર ભૂસ્ખલનને કારણે અવરોધાયેલો છે. એક બસમાં 24 જ્યારે બીજી બસમાં 41 મુસાફરો સવાર હતા.

ઉલ્લેખનીય છે કે નેપાળમાં છેલ્લા કેટલાક દિવસથી ભારે વરસાદને પગલે પૂરની સ્થિતિ છે. નેપાળની કેટલીક નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. પૂરને પગલે છેલ્લાં એક મહિનામાં અહીં 62 લોકોના મોત થયા છે.

## *ASSAM-FLOOD*

આસામમાં પૂરની સ્થિતિમાં સુધાર થયો છે, આમ છતાં 26 જીલ્લાઓમાં હજુ પણ પૂરને પગલે પ્રભાવિત છે. અંદાજે 39 હજાર હેક્ટર જમીન પર રહેલો પાક ધોવાઈ ગયો છે. દરમિયાન છેલ્લા ચોવીસ કલાકમાં જાનહાનિના કોઈ સમાચાર નથી.

બ્રહ્મપુત્રા, બુહિન્દીહિંગ, દિસાંગ અને કુશિયારા નદી ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે.

દરમિયાન હવામાન વિભાગે રાજ્યના અંતરિયાળ ભાગોમા ભારે વરસાદની આગાહી કરી છે. રાજ્યમા પૂરને પગલે મતકાંક 84 થયો છે.

## *GUJARAT-RAINS*

ગુજરાતમાં અત્યાર સુધીમાં મોસમનો સરેરાશ 26% વરસાદ થયો છે. સૌથી વધુ 36% વરસાદ સૌરાષ્ટ્રમાં ત્યારબાદ કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં જ્યારે પૂર્વ મધ્ય ગુજરાતમાં સૌથી ઓછો 16% વરસાદ નોંધાયો છે.

છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના સો થી વધુ તાલુકાઓમાં મધ્યમથી હળવો વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાતના વલસાડ અને સુરતના ઘણા વિસ્તારોમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આ સાથે હવામાન વિભાગે આગામી ત્રણ દિવસમાં દક્ષિણ અને ઉત્તર ગુજરાતમાં વાવાઝોડા સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

## *GUJ-HORTICULTURE CENTRE*

ગુજરાત સરકારે ખેડૂતોને બાગાયતી ખેતીમાં  અદ્યતન તાલીમ અને માર્ગદર્શન આપવા માટે ચાર નવા સેન્ટર્સ ઓફ એકસલેન્સ સ્થાપવાનો નિર્ણય લીધો છે.  40 કરોડ રૂપિયાના ખર્ચે અમરેલી, દાહોદ, બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં આ કેન્દ્રો સ્થાપવામાં આવશે. આ સાથે રાજ્યમાં બાગાયત વિભાગ દ્વારા કુલ 17 સેન્ટર ઓફ એક્સેલન્સ કાર્યરત કરાશે.

રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, બાગાયતી ઉત્પાદનોની માંગને પહોંચી વળવા બાગાયતી પાકોના વાવેતર અને બાગાયતમાં આધુનિક પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે ખેડૂતો માટે કેન્દ્રો પર બાગાયતની નવી આધુનિક પદ્ધતિઓ અંગેની તાલીમ અને પ્રદર્શનો યોજવામાં આવશે.

## SOUTH KOREA-NATO DEAL

દક્ષિણ કોરિયા અને ઉત્તર એટલાન્ટિક સંધિ સંગઠને પારસ્પરિક માન્યતા પ્રક્રિયા સંદર્ભેની સૈન્ય ઉડ્ડયન યોગ્યતા પ્રમાણન સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા છે. કોઈ એશિયા દેશ સાથેની નાટોની આ પ્રથમ સમજૂતિ છે.

કરાર અંતર્ગત નાટો દક્ષિણ કોરિયાઈ માલિકીના વિમાનો માટે સિયોલ સરકારના ઉડ્ડયન યોગ્યતા પ્રમાણનને માન્યતા આપશે.

કોરિયાના સંરક્ષણ અધિગ્રહણ કાર્યક્રમ વહીવટીતંત્ર અને નાટોની ઉડ્ડયન સમિતિએ વૉશિંગ્ટનમાં ચાલી રહેલા નાટો શિખર સંમેલન દરમિયાન આ સમજૂતિ પર હસ્તાર કર્યા, જે સુરક્ષિત ઉડ્ડયનની દિશામાં વિમાનની યોગ્યતા માટે મહત્વપૂર્ણ ઉકેલ છે.

દક્ષિણ કોરિયા અગાઉ અમેરિકા, સ્પેન, ફ્રાન્સ, પૉલેન્ડ સાથે આ કરાર કરી ચૂક્યું છે. નાટો સાથેની તેની આ સમજૂતિને કારણે સભ્ય દેશો સાથેના સંબંધોમાં વિકાસમાં ગતિ આવશે તેવું મનાઈ રહ્યું છે.